

# સુરેન્દ્રનગર મહાનગરપાલિકા

## શહેરી વિકાસ • વર્ષ ૨૦૨૫-૨૬





શહેરી વિકાસ • વર્ષ ૨૦૨૫-૨૬
સુરેન્દ્રનગર
મહાનગરપાલિકા

### માર્ગદર્શક

**ડૉ. રાજેન્દ્રકુમાર પટેલ (IAS)**
વહિવટદાર-સુરેન્દ્રનગર મહાનગરપાલિકા અને
જિલ્લા કલેક્ટર, સુરેન્દ્રનગર

**ડૉ.નવનાથ ગવ્હાણે (IAS)**
મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા સુરેન્દ્રનગર

### પરામર્શક

**શ્રી અર્જૂન આર. ચાવડા (GAS)**
ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા સુરેન્દ્રનગર

**શ્રી એસ.કે. કટારા (GAS)**
ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા સુરેન્દ્રનગર

### સંપાદન

**શ્રી સંજયસિંહ એસ. ચાવડા**
જનસંપર્ક અધિકારી (PRO)

વર્ષ
**2025-26**

ડિઝાઇન/લેઆઉટ
**ARTMANI.in**
**(મો. 9428612562)**


પ્રકાશક
**મ્યુનિસિપલ કમિશનર, મહાનગરપાલિકા સુરેન્દ્રનગર**
કલેક્ટર કચેરી પાસે, ટાવર રોડ, સુરેન્દ્રનગર -363001 વર્ષ:- ૨૦૨૫-૨૬


આ પુસ્તકમાં સમાવિષ્ટ ફોટોગ્રાફ્સ મંજૂર થયેલા કામોના સૂચક તસવીરો તરીકે પ્રકાશિત કરવામાં આવ્યા છે.
આ ફોટાઓ પ્રારંભિક પસંદગી પર આધારિત છે અને ટેક્નિકલ મંજૂરી મુજબ તેમાં ફેરફાર શક્ય છે.



सत्यमेव जयते



## શુભેચ્છા સંદેશ

'અંત્યોદયથી સર્વોદય'ના ધ્યેયમંત્રને વરેલી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર જન કલ્યાણના દરેક ક્ષેત્રને પ્રગતિના શિખરે પહોંચાડવા પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારે મનુષ્ય જીવનના જન્મથી મૃત્યુ સુધીના દરેક તબક્કે ઉપયોગી બને તેવી કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. માનવ વિકાસને સીધા સ્પર્શતા શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સમાજ કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ, આવાસ, રોજગાર વગેરે ક્ષેત્રે વિવિધ કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ દ્વારા ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે.

રાજ્ય સરકાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરોની આંતરમાળખાકીય સુવિધા વધારવા અને મૂળભૂત માળખાકીય સુવિધાના કામો કરવા સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારે વિકાસના મહત્વપૂર્ણ પાંચ સ્તંભોમાં પંચમ સ્તંભ તરીકે ‘ગ્રીન ગ્રોથ’ને સ્થાન આપ્યું છે. વિકાસની સાથે આજે પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે પણ પ્રશંસનીય કાર્ય થઈ રહ્યું છે. રાજ્યના વિકાસની સાથે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ પણ વિકાસના નવા સોપાનો સર કર્યા છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકા સરકારની અનેકવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ થકી વિકાસની વાટે ઝડપભેર આગળ વધી રહી છે.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા આરંભાયેલો સર્વાંગી વિકાસનો યજ્ઞ નિરંતર ચાલતો રહેશે તેવા દ્રઢ વિશ્વાસ સાથે મહાનગપાલિકામાં વર્ષ ૨૦૨૫-૨૬માં હાથ ધરાયેલા વિકાસ કામોનું પ્રતિબિંબ પાડતી “શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬” પુસ્તિકાના પ્રકાશન બદલ શુભેચ્છા પાઠવું છું. આ પુસ્તિકા વાચકોના જ્ઞાનમાં વધારો કરશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે.


મુળુભાઈ બેરા
કેબિનેટ મંત્રી,
પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ,
વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ



सत्यमेव जयते

## શુભેચ્છા સંદેશ

ભાતીગળ સંસ્કૃતિ અને અનેક વિવિધતાઓથી ભરપૂર સુરેન્દ્રનગર જિલ્લો સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર ગણાય છે. રાજ્ય સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અને અભિયાનોના સફળ અમલીકરણના કારણે ભૌતિક વિકાસની સાથે સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક અને આર્થિક વિકાસને પણ નવી દિશા અને વેગ મળ્યા છે.

રાજ્ય સરકારે સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ સંયુક્ત નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરી છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ થયો છે. આ ઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઈટ, બાગ બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થઈ છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકસિત ગુજરાત@૨૦૪૭ના વિઝનથી વિકસિત ભારત@૨૦૪૭ માટે રાજ્યને અગ્રેસર રાખવાની નેમ સાથે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે કરોડોના વિકાસ કામોની સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્ય સરકારે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા સાથે શહેરોમાં સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુખાકારી સુવિધાઓથી નાગરિકોના 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'ને સાકાર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે. આ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વતી હૃદયપૂર્વક આભાર માનું છું.

વર્ષ ૨૦૨૫-૨૬માં સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા થયેલા સર્વાંગી વિકાસને આલેખતી "શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬" પુસ્તિકા પ્રકાશિત કરવાનું પ્રશંસનીય કાર્ય મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે, એ જાણી આનંદ વ્યક્ત કરું છું. આ પુસ્તિકામાં સમાવિષ્ટ કામગીરી માટે યોગદાન આપનાર મહાનગરપાલિકાના તમામ સ્તરના કર્મયોગીઓને અભિનંદન પાઠવું છું.

જગદીશભાઈ મકવાણા
નાયબ મુખ્ય દંડક, ગુજરાત સરકાર





सत्यमेव जयते

## શુભેચ્છા સંદેશ

ગુજરાતની વિકાસની યાત્રાને ગતિશીલતા પ્રદાન કરવા અને તેના દ્વારા પ્રજાકલ્યાણ માટે સમયાંતરે વિવિધ સુવિધાઓ, લોકોપયોગી નિત-નવી યોજનાઓ નાગરિકો સુધી પહોંચાડવાના રાજ્ય સરકાર દ્વારા સતત નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરવામાં આવી રહયા છે. ગુજરાતની આ વિકાસ યાત્રામાં જનતાની ભાગીદારીએનવી ઉંચાઈઓ સર કરવામાં, વૈશ્વિક કિર્તિમાન પ્રસ્થાપિત કરવામાં રાજ્ય સરકારને પ્રેરણા પૂરી પાડી છે.

સુરેન્દ્ર નગર મહાનગરપાલિકાઆજે રાજય સરકારની અનેકવિધ યોજનાઓના અસરકારક અમલીકરણસાથેવિકાસના પથ ઉપર ઝડપભેર આગળ વધી રહી છે. માળખાકિય સુવિધાઓની ઉપલબ્ધિની સાથે સુરેન્દ્ર નગર મહાનગરપાલિકા વિકાસની દિશામાં મક્કતાથી આગેકૂચ કરી રહી છે.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ૨૦૨૫-૨૬ ના વર્ષમાં થયેલા અને થનારાવિકાસ કાર્યોને આવરી લઈને "શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬" પુસ્તિકા પ્રકાશિત કરવાનું પ્રશંસનીય કાર્ય મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે. આ પુસ્તિસકાના પ્રકાશન કાર્યની સફળતામાં સહયોગી એવા તમામ કર્મયોગીઓને અભિનંદન પાઠવું છું.

ડૉ. રાજેન્દ્રકુમાર પટેલ (IAS)
વહિવટદારશ્રી સુરેન્દ્રનગર
મહાનગરપાલિકા અને જિલ્લા કલેક્ટર



सत्यमेव जयते

## શુભેચ્છા સંદેશ

સુરેન્દ્રનગર જિલ્લો પોતાની ભાતીગળ સંસ્કૃતિ અને સમૃદ્ધ ઐતિહાસિક વારસાના કારણે દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. ઝાલાવાડ તરીકે ઓળખાતું સુરેન્દ્રનગર શહેર સતત વિકાસ પામી રહ્યું છે, અને મહાનગરપાલિકા બની ઉભરી આવ્યું છે. વિકાસના કામો જેવા કે, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, હોકર્સ ઝોન,  આઈકોનિક, ઝાલાવાડ મ્યુઝીયમ, હવા મહેલ, ધરમ તળાવ, બોળા લેક, લાઈબ્રેરી નવીનીકરણ કરી સુરેન્દ્રનગર શહેર પોતાના ભવ્ય ઐતિહાસિક વારસાની આગવી ઓળક જાળવી રાખીને અનેકવિધ ક્ષેત્રોમાં વિકાસ પામી રહ્યું છે.

શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રીની અનેક વિધ યોજનાઓ અંતર્ગત ઉપલબ્ધ ગ્રાન્ટથી સુરેન્દ્રનગર શહેરનો વિકાસ વધુ વેગવંતો બન્યો છે. જેમાં ખાસ કરીને સુરેન્દ્રનગર શહેરમાં આઈકોનિક રોડ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના, પાણી પૂરવઠો, રિવરફ્રન્ટ પ્રોજેક્ટને ગુજરાત સરકાર તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ માટે તાજેતરમાં માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ.૨૫૭.૬૦કરોડની ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ છે.આ વિકાસના કામો પૂર્ણ થવાથી સુરેન્દ્રનગર શહેરના નગરજનોના જનજીવન અને સુખાકારીમાં વધારો થશે.

નાગરિકોને પ્રાથમિક જરૂરિયાતોથી લઈ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, સુરેન્દ્રનગર સસ્ટેનેબલ અને હેરીટેજ સીટી તરીકે વિકસાવવાસુરેન્દ્રનગર મહાનગરપાલિકા સતત કાર્યરત છે. વિકાસના માર્ગે આગળ વધી રહેલી સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં હજુ પણ વિકાસની ઘણી સંભાવનાઓ રહેલી છે. આ માટે તમામ લોકોને સાથે રાખી મહાનગરપાલિકાને વિકાસના ઉચ્ચતમ શિખરે લઈ જવા સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના તમામ કર્મયોગીઓ પ્રતિબધ્ધ છે.

વર્ષ ૨૦૨૫-૨૬માં સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા થયેલા સર્વાંગી વિકાસને આલેખતી“શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬” પુસ્તિકા પ્રકાશિક કરવાનું પ્રશંસનીય કાર્ય મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે, એ જાણી આનંદ વ્યક્ત કરું છું. આ પુસ્તિકામાં સમાવિષ્ટ કામગીરી માટે યોગદાન આપનાર કર્મયોગીઓને અભિનંદન પાઠવું છું.

ડૉ.નવનાથ ગવ્હાણે (IAS)
મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા સુરેન્દ્રનગર





# સુરેન્દ્રનગર મહાનગરપાલિકા



- રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં સુરેન્દ્રનગર/વઢવાણ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.
- સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બની છે.
- સુરેન્દ્રનગર પાલિકા મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ બન્યો છે. આ ઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઇટ, બાગ બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે.











## સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના લોગોનું અનાવરણ

- કલેક્ટર કચેરી સભાખંડ ખાતે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, ધ્રાંગધ્રા ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, જિલ્લા કલેક્ટર શ્રી રાજેન્દ્રકુમાર પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગવ્હાણે સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું.
- આ લોગોમાં સુરેન્દ્રનગર શહેરની ઓળખ સમા તમામ પ્રતિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. લોગોમાં અજરામર ટાવર, વઢવાણનો હવામહેલ, મહાવીર સ્વામીના પગલા, વડવાળા મંદિરના વડનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત આ લોગો બનાવવા માટે શહેરના લોકો પાસેથી ડિઝાઈન્સ પણ મંગાવવામાં આવી હતી.



# સુરેન્દ્રનગર
## મહાનગરપાલિકા



**બજેટ થીમ**

- ❖ સ્વચ્છ અને સુંદર સુરેન્દ્રનગર
- ❖ લીવેબલ અને હેરીટેઝ સિટી
- ❖ વિકસિત સુરેન્દ્રનગર ૨૦૪૭
















## સ્વચ્છ અને સુંદર સુરેન્દ્રનગર માટેનું આયોજન

- ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ
- જાહેર અને વાણિજ્યિક મિલકતોની નિયમિત સફાઈ
- ગટર વ્યવસ્થાપન, ઘન અને પ્રવાહી કચરાનું ૧૦૦% વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન
- "મારો કચરો મારી જવાબદારી" સ્લોગન થકી લોકજાગૃતિ અને બિહેવ્યર ચેન્જ
- વૃક્ષારોપણ અને ગાર્ડનીંગ
- જાહેર જળાશયોનું સુશોભીકરણ
- રોડ, ઓફિસ સ્ટ્રેન્થનીંગ, સિટી બ્યુટીફીકેશન
- સ્ટ્રીટ લાઈટ તેમજ રોડના કામો
- વહાનવ્યહાર, દબાણો તેમજ મુખ્ય રસ્તાઓ
- ધાર્મિક સંસ્થાઓ દ્વારા શહેરના ૩ પ્રવેશદ્વાર બનાવવામાં આવશે.

## લીવેબલ અને હેરીટેઝ સીટી

- લાયબ્રેરીઓ, ટાઉનહોલ અને બગીચાઓના આધુનિકરણને પ્રાધાન્ય
- ઈમરજન્સી સેવાઓ, હોસ્પિટલો, મૌક્ષધામ, ફાયરસેવાઓનું આધુનિકીકરણ
- મનોરંજન માટેના સ્થળોનું ડેવલપમેન્ટ
- હવામહેલ ફેસ્ટીવલ, વડવાળા મંદિરની જગ્યામાં જન્માષ્ટમી મેળાનું આયોજન
- ભગવાન મહાવીર જન્મ કલ્યાણ દિવસની ઉજવણી
- ઝાલાવાડ હેરીટેઝ મ્યુઝિયમ અને સંસ્થા વિકસાવવાનું આયોજન ઐતિહાસિક, ધાર્મિક, આધ્યાત્મિક, વીરોની ભૂમિ અને ઝાલાવાડનું હૃદય



















## અસરકારક વહીવટતંત્ર અને સુશાસન

- મહાનગરપાલિકાનું બે ઝોનમાં વિભાજન - ઉત્તર ઝોન - દક્ષિણ ઝોન
- સંસ્થામાં ૨૦ વિભાગો, ૪૦ શાખાઓ કાર્યરત
- મહેકમમાં વધારો, ઝોનવાઈઝ વોર્ડ ઓફિસની રચના
- સેવાઓનું ડીઝીટીલાઈઝેશન
- જનસેવા કેન્દ્રનું ૧૦૦% ડીઝીટીલાઈઝેશન
- GIS બેઝડ ટેક્ષ અને પ્રોપર્ટી એસેસમેન્ટ
- સ્કાડા બેઝડ પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાનું મેનેજમેન્ટ
- સ્માર્ટ સીટી લાઈટીંગ
- ટ્રાફિક સિગ્નલ અને પાર્કીંગ પોલીસી
- ઈ-સરકારના માધ્યમથી પેપરલેસ ફાઈલ સિસ્ટમ
- ઈન્ટ્રીગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટર








## રોડ પ્રોજેક્ટ

- ❖ વિકસિત વિસ્તારો અને મુખ્ય રસ્તાઓનુ નવીનીકરણ.
- ❖ શહેરની આગવી ઓળખ માટે આઈકોનિક રોડ.
- ❖ રીવરફ્રન્ટ અને રોડનું રીસરફેસ.
- ❖ અર્બન ટ્રાન્સપોર્ટ માટે નવી બસોનો સમાવેશ.
- ❖ સર્કલ ડેવલપમેન્ટ અને પાર્કિંગ પોલીસીનું અમલીકરણ.















## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સેનીટેશન

- ❖ ડોર-ટુ-ડોર ઘન કચરાનું એકત્રીકરણ
- ❖ ભુગર્ભ ગટર સફાઇ/મેન્ટેનન્સ તેમજ સેપ્ટીક ટેન્ક સફાઇ
- ❖ રખડતા ઢોરોનું નિયંત્રણ માટે ઢોરવાડા







### આરોગ્યલક્ષી સેવાઓ:

- ❖ શહેરી મેલેરીયા માટે પાંચ નવા ફોગીંગ મશીન
- ❖ આધુનિક સેવાઓ ઓછા દરે મળી રહે તે માટે વ્યવસ્થિત આયોજન
- ❖ રોગ નિદાન માટેની લેબોરેટરી, હેલ્થ ફુડ ટેસ્ટ લેબોરેટરી,અવેરનેસ કેમ્પ, હેલ્થ લાયસન્સ કેમ્પ, કોમ્યુનિટી વન ડે ડીલીવરી કેમ્પનું આયોજન





### ફાયર અને ઈમરજન્સી સેવાઓ

- ❖ આગ, અકસ્માતના બનાવોમાં ફાયર એમ્બ્યુલન્સ દ્વારા ઈમરજન્સી સેવાઓ.
- ❖ મોડેલ ફાયર સ્ટેશનનું નિર્માણ.












**જાહેર મકાનો**


- બે સીટી સિવિક સેન્ટર
- બે ટાઉનહોલના નવીનીકરણ
- ત્રણ કોમ્યુનિટી હોલનું નવીનીકરણ
- ચાર લાયબ્રેરીનું અપગ્રેડેશ
- યોગા સેન્ટર
- આંગણવાડીઓના રીનોવેશન
- સ્પોર્ટસ કોમ્પલેક્ષ

## જાહેર સ્થળો

- બોડા તળાવ અને અન્ય તળાવોનું ડેવલપમેન્ટ
- જળાશયોનું સુશોભીકરણ
- જાહેર બગીચાઓનું નવીનીકરણ
- વેજીટેબલ માર્કેટનું નવીનીકરણ
- ફૂડ કોર્ટ
- ભક્તિનંદન સર્કલ પાસે શોપીંગ મોલ
- કડીયાનાકા
- વેન્ડર ઝોન
- મિયાવાકી અને અર્બન ફોરેસ્ટ















## રોડ પ્રોજેક્ટ

❖ શહેરની અલગ ઓળખ ઉભી થાય તે માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સંસ્થાના વિકસિત વિસ્તારો ટી.પી.-૧ અને ટી.પી.-૨, માં સમાવિષ્ટ થતાં મુખ્ય રસ્તાઓના નવીનીકરણની કામગીરી, શહેરી વિસ્તારમાં આવેલ રસ્તાઓ ઉપર ટ્રાફીક સર્કલ, ડીવાઈડર, સ્ટ્રીટ લાઈટ ફુટપાથ બ્યુટીફીકેશનની કામગીરી, મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા મુળચંદ, ચમારજ, ખમીસાણા, ખેરાળી તથા માળોદ ગામોને જોડતા મુખ્ય રસ્તાઓને શહેર સાથે જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે.










## ડ્રેનેજ પ્રોજેક્ટ


❖ સુરેન્દ્રનગર શહેરમાં સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઈનો વર્ષોથી હયાત છે. તેમાં સમયાંતરે શહેરની જરૂરીયાત મુજબ સુધારો વધારો થતો રહે છે. હાલમાં શહેરની ૧૧૨૪૭૫ મિલકતોની સામે ૧૦૮૯૭૫ મિલકતોમાં સુએજ કનેકશન ઉપલબ્ધ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં શહેરમાં નવાં વિકસતા વિસ્તારોમાં થઈ રહેલા ખુબ જ મોટા પ્રમાણમાં બાંધકામને કારણે ડ્રેનેજ નેટવર્કમાં નોંધપાત્ર વધારો થયેલો છે.

❖ વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં મહાનગરપાલિકા તથા તેમાં સમાવિષ્ટ ગામો તથા તેના આજુબાજુના વિસ્તારમાં ડ્રેનેજ અને સ્ટોમ વોટરના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

## હેરીટેઝ સીટી

- ઐતિહાસિક ધરોહરની જાળવણી
- હવા મહેલ તથા વઢવાણના જુદા જુદા ગેટ પર લાઈટીંગ




OF YOGA 2025

# મૂળભૂત માળખાગત સેવા અને સુવિધાઓ



## વોટર પ્રોજેક્ટ

- સુરેન્દ્રનગર શહેરનો હાલનો વિસ્તાર આશરે ૧૨૫.૨૮ ચો.કિ.મી તથા વસ્તી વર્ષ: ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૨.૫૩ લાખ જેટલી અને હાલમાં અંદાજીત ૪.30 લાખ જેટલી છે. સંસ્થાની ફરજિયાત સેવાના ભાગરૂપે નગરજનોને પાણી પુરુ પાડવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં વોટર પ્રોજકટ માટે મહાનગરપાલિકા તથા તેમાં નવા સમાવિષ્ટ ગામો તથા તેના આજુબાજુના વિસ્તારમાં પાણી પુરવઠાના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.













## રેઈન વૉટર હાર્વેસ્ટીંગ

- ❖ શહેરી વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહ માટે બોર, કુવા બનાવવાનું આયોજન છે. તેમજ તળાવમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય તેવું આયોજન છે.



## સોલાર પેનલ

મહાનગરપાલિકામાં આવેલ વૉટર વર્ક્સ અને પમ્પીંગ સ્ટેશનો, સંસ્થાની તમામ મિલકતોના વીજબીલમાં રાહત માટે સોલાર પેનલ લગાવવામાં આવશે.





## યોજનાકીય કામો

- ❖ આઉટગ્રોથ વિસ્તારમાં નકશા, પાણી, વગેરેના કામો
- ❖ ઘોળીધજા પાસે ફ્લાયઓવર
- ❖ ૧૫મું નાણાપંચ અને અમૃત યોજનાના કામો
- ❖ જનભાગીદારી યોજનાના કામો (૭૦ સરકાર :૨૦ સંસ્થા :૧૦ લોકો)
- ❖ જીયુડીસી હસ્તકના કામ અને URBAN REJUVENATION મિશન અંતર્ગત વિકાસના કાર્યો.



## ફાયર અને ઈમરજન્સી સેવાઓ

શહેરના વિસ્તારોમાં આગ, અકસ્માતના બનાવોના સંજોગોમાં એમ્બ્યુલન્સ, ફાયર એમ્બ્યુલન્સ દ્વારા ઈમરજન્સી સર્વિસ પૂરી પાડવાનું આગોતરૂ આયોજન કરવામાં આવશે. જે માટે મોડેલ ફાયર સ્ટેશન બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.







## શહેરીમાં નાગરીક સંબંધિત સેવાઓનું વિસ્તરણ

નગરજનોને પુરી પાડવામાં આવતી નાગરીક સેવાઓ સરળતાથી અને ઝડપથી મળી રહે તે માટે ઉત્તર અને દક્ષિણ ઝોન માટે નવા બે સીટી સિવિક સેન્ટર બનાવવામાં આવશે.

## આઈકોનિક રોડ

- ❖ અલ્કાપુરી થી ઉપાસના રોડ તરફ (૭૦ ફુટનો રોડ), નવા ૮૦ ફુટ રોડ, રતનપર પોલીસ સ્ટેશનથી અંડર પાસ સુધી, રતનપર માળોદ ચોકડીથી બાપા સીતારામની મઢુલી સુધી, વઢવાણ ધોળી પોળથી પંજાબ નેશનલ બેન્કની સુધી (ગઢની દિવાલ પાસે), મેઘાણી બાગ રોડને આઈકોનિક રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## સર્કલ ડેવલપમેન્ટ

- ❖ શહેરના જુદા-જુદા વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ ઉપર આવેલ સર્કલના અપગ્રેડેશન કરવા તથા ટ્રાફિકની સમસ્યા રહેતી હોય તેવા વિસ્તારમાં નવા સર્કલ બનાવવામાં આવશે.










## પાર્કિંગ પોલીસી

શહેરની ટ્રાફિક સમસ્યાને ધ્યાને લઇ સુરેન્દ્રનગર શહેરનો "સીટી ટ્રાફિક માસ્ટર પ્લાન" તૈયાર કરવામાં આવશે. શહેરમાં ટ્રાફિક, પાર્કિંગ અને વેન્ડીંગ રેગ્યુલેશનમાં એકસૂત્રતા જળવાય તેવુ આયોજન કરવામાં આવશે. જે માટે પાર્કિંગ પોલિસીની બનાવવામાં આવશે.

## અર્બન ટ્રાન્સપોર્ટ

સંસ્થા દ્વારા શાળા-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, સીનીયર સીટીજનો, દિવ્યાંગ વ્યકિતઓને કન્સેશન દરે જયારે સ્વાતંત્ર્ય સૈનાનીઓ, વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો, પ્રજ્ઞાચક્ષુઓ તથા ૭૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરીકો વગેરેને મુસાફરીના પાસની સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવશે. તેમજ નવા બસ પોઈન્ટ અને વર્કશોપ બનાવવામાં આવશે. હાલમાં ૮ બસ કાર્યરત છે. જેમાં નવી બસો ઉમેરવાનું આયોજન કરવામાં આવ્યું છે.






## સોલીડ વેસ્ટ મેનેજમે ને અને સેનીટેશન વિભાગ

- શહેરના હદ વિસ્તારમાં થતા કચરાના ઢગલા ટ્રેકટરથી અને ડોર-ટુ-ડોર ઘન કચરાનું કલેકશન કરવા સંસ્થાના અને આઉટસોર્સિંગ એજન્સીના વાહનો દ્વારા રહેણાંક તેમજ કોમર્શીયલ વિસ્તારોમાંથી દૈનિક બે થી ત્રણ ટ્રીપ, દિવસ તેમજ રાત્રિ દરમ્યાન ઘન કચરાનું કલેકશન કરી ડમ્પ સાઈટ સુધી પહોંચાડવામાં આવે છે.
- જાહેર રસ્તાઓ પર રખડતાં બિનવારસી ગૌવંશને પકડવા માટે આઉટસોર્સિંગ એજન્સી દ્વારા જાહેર રસ્તાઓ પરથી ઢોર પકડી સંસ્થાના ઢોરવાડા ખાતે મુકવામાં આવશે.



















## આરોગ્યલક્ષી સેવાઓ:

નગરજનોને આરોગ્યની સુખાકારી તમામ આધુનિક સેવાઓ ઓછા દરે મળી રહે તે મુજબનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવશે. ગરીબો માટે ખાસ કરીને સ્લમ ચાલી જેવા વિસ્તારોમાં ઘરઆંગણે તબીબી સારવારની વ્યવસ્થા, વિવિધ રોગો સામે રક્ષણ માટે અવેરનેસ, લોક શિક્ષણ, હેલ્થ ચેકઅપ તથા ધંધાકીય એકમો માટે હેલ્થ લાયસન્સ કેમ્પ, કોમ્યુનિટી વન ડે ડીલીવરી કેમ્પ વગેરેની અસરકારક વ્યવસ્થા કરવાનું આયોજન છે. જેમાં રોગ નિદાન માટેની લેબોરેટરી, હેલ્થ ફુડ ટેસ્ટ લેબોરેટરી બનાવવાનું આયોજન છે. તેમજ શહેરી મેલેરીયા અટકાવવામાં માટે ફોગીંગ મશીન ખરીદવાનું તેમજ ૫ અર્બન હેલ્થ સેન્ટર માટેની બિલ્ડીંગ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ટાઉનહોલ

નગરજનો માટે, સરકારી કાર્યક્રમની ઉજણવણી, શાળાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણી માટે ટાઉનહોલની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. સુરેન્દ્રનગર શહેરમાં કુલ ૨ ટાઉન હોલ આવેલા છે. જેમાં શ્રીમતી રંભાબેન ટાઉનહોલ અને શ્રી પંડિત દીનદયાળ ટાઉનહોલનો સમાવેશ થાય છે. આ બંને હોલનું નવીનીકરણ કરવામાં આવશે.

## કોમ્યુનિટી હોલ

શહેરમાં કુલ ૩ કોમ્યુનિટી હોલ આવેલા છે. જેમાં કૃષ્ણનગર કોમ્યુનિટી હોલ, રતનપર કોમ્યુનિટી હોલ અને જોરાવરનગર કોમ્યુનિટી હોલનો સમાવેશ થાય છે. આ તમામ કોમ્યુનિટી હોલનું નવિનીકરણ કરવામાં આવશે.





## ફુડ કોર્ટ

નગરજનો અને શહેરમાં આવતા મુલાકાતીઓને શહેરની પ્રખ્યાત વાનગીઓનો સ્વાદ એક જ સ્થળે માણી શકે એ હેતુથી ફુડ કોર્ટ વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ફુડ કોર્ટમાં વૃક્ષારોપણ તથા જુદા-જુદા પ્રકારના બેસવા માટે આકર્ષક બાંકડાઓ ઉપરાંત અન્ય સ્ટેપવાઈઝ સીટીંગ વ્યવસ્થા રાખવામાં આવશે. ચિલ્ડ્રન પ્લે એરીયા, પાર્કીંગ વ્યવસ્થા તથા આકર્ષક ફ્લોરીંગનું પણ આયોજન કરવામાં આવશે.

## વેજીટેબલ માર્કેટ

શહેરમાં ઝોન દીઠ 03 વેજીટેબલ માર્કેટ ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે. જેમાં શાકમાર્કેટ માટે સુઆયોજીત પ્લાનીંગ અને પાર્કિંગની વ્યવસ્થાનું પણ આયોજન હાથ ધરવામાં આવશે.







## બગીચા ડેવલપમેન્ટ

- ❖ શહેરમાં આવેલ જાહેર બગીચાઓનું નવીનીકરણ, ગાર્ડન લેન્ડસ્કેપીંગ તેમજ ટી.પી.ની સ્કીમમાં આવેલ બગીચાના પ્લોટ ડેવલપ કરવાનું આયોજન છે.

## હોકર ઝોન, ગાર્ડન અને શેલ્ટર

- ❖ રૂ.૪.૫ કરોડના ખર્ચે ૨૦૦થી વધુ શાકભાજી વિક્રેતાઓ માટે હોકર ઝોન ઉભુ કરાશે.
- ❖ સ્વ સહાય જૂથની જાળવણી હેઠળ રૂ.૨૦ લાખના ખર્ચે ૨ બગીચાનું નિર્માણ કરાશે.
- ❖ હેન્ડલૂમ રોડ પર ૧૨૨ લોકોની ક્ષમતા ધરાવતા આશ્રય સ્થાનને કાર્યરત કરાશે.
- ❖ વઢવાણ ખાતે શિયાની પોળમાં રૂ.૫ કરોડના ખર્ચે હોકર્સ ઝોનનું નિર્માણ થશે.
- ❖ રૂ.૧૫ કરોડના ખર્ચે ૩ હોકર્સઝોન અને ફૂડ પાર્ક માટે જગ્યાની ફાળવણી કરાઇ છે.

## લાયબ્રેરી

શહેરમાં કુલ ૫ લાયબ્રેરી આવેલી છે. જેમાં જવાહરલાલ નહેરુ લાયબેરી, લહેરચંદ કુંવરચંદ લાયબ્રેરી, વઢવાણ ખાંડીપોળ લાયબ્રેરી, વઢવાણ રેલ્વે સ્ટેશન લાયબ્રેરી અને વઢવાણ ઝોન ઓફિસમાં લાયબ્રેરીનો સમાવેશ થાય છે. આ તમામ લાયબ્રેરીનું નવિનીકરણ કરાશે.












## હેરીટેજ સીટી

સુરેન્દ્રનગર શહેરમાં આવેલી ઐતિહાસિક ધરોહર જેવી કે, રાણકદેવીનું મંદિર, હવા મહેલ, માધાવાવ, ગંગાવાવ, વઢવાણનો ગઢ વગેરે ધરોહરોનું જતન અને જાળવણી અને તેની આસપાસના વિસ્તારના પુનઃરૂત્થાન માટે જુદા-જુદા કાર્યક્રમો અને હેરીટેજ આધારિત પેઈન્ટીંગ, ફોટોગ્રાફીની સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

## ઝાલાવાડ મ્યુઝિમ

ઝાલાવાડની ઐતિહાસક કથાઓ, ધરોહરથી લોકો માહિતગાર થાય તેની રચના કરવામાં આવશે.



## સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ - મૂળભૂત સેવા

❖ માર્ગ વિકાસ
❖ હાલમાં રોડ નેટવર્ક ૮૩૪.૭૫ કિ.મી.
❖ નવા રસ્તા - ૨૦ કિમી
❖ રોડ પેચ વર્ક અને રિસરફેસિંગ - ૨૧ કિમીનું કામ ચાલુ છે.
❖ રોડ બ્યુટિફિકેશન (થર્મોપ્લાસ્ટ, કેટ-આઈ, ડિવાઈડર- પેઈન્ટિંગ) -૧૪ કિ.મી.
❖ રૂ.૨૦ કરોડના ખર્ચે ૫.૫ કિમીના પાંચ આઇકોનિક રોડ બનાવવાનું કાર્ય તબક્કા છે.
❖ રૂ. ૪.૭૪ કરોડના ખર્ચે ૧.૧ કિમીના ૧" આઇકોનિક રોડનું કામ પ્રગતિમાં છે.
❖ મહાનગરપાલિકામાં આ વર્ષે કુલ રૂ.૪૦ કરોડ રોડ પ્રોજેક્ટ્સ પૂર્ણ થશે.
❖ આશરે ૫ હજાર સ્ટ્રીટ લાઈટ રિપેરિંગની ફરિયાદનું નિરાકરણ.
(નવા ઉમેરાયેલા ૫ ગામો અને OG વિસ્તાર)
❖ મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૫૮ સ્ટ્રીટ લાઈટ ઓટો ટાઈટ લગાવાશે.
❖ જનભાગીદારીથી રૂ. ૧૦ કરોડના ખર્ચે પેવર બ્લોકની કામગીરી કાર્યરત છે.
❖ ડીજી વિસ્તારમાં રૂ.૮ કરોડના ખર્ચે સીસી રોડનું કાર્ય પ્રગતિમાં છે.



### યોગા સેન્ટર

શહેરમાં આવેલા ટાગોરબાગમાં નગરજનોનું સ્વાસ્થ્ય આરોગ્યપ્રદ રહે તે માટે યોગા સેન્ટર બનાવવાનું આયોજન છે.

### શોપીંગ મોલ

નગરજનો માટે શહેરના ભક્તિનંદન સર્કલ પાસે શોપીંગ મોલ બનાવવાનું આયોજન છે.

### કડીયાનાકા

શહેરી વિસ્તારમાં બાંધકામને લગતી છુટક મજુરી કરતા શ્રમજીવીઓને રોજગારી સરળતાથી શકે તે માટે કડીયાનાકા બનાવવાનું આયોજન છે.

### વેન્ડર ઝોન

શહેરી વિસ્તારમાં હાલ મુખ્ય રસ્તાઓ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થતી લારીઓ, ફેરીયા માટે વેન્ડર ઝોન બનાવવામાં આવશે.

### મિયાવાકી અને અર્બન ફોરેસ્ટ

શહેરની ટી.પી. સ્કીમના ખુલ્લા પ્લોટો અને સાર્વજનિક જગ્યાઓમાં મિયાવકી પદ્ધતિથી ફોરેસ્ટ અને અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવશે.





## પાણી વિતરણ

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં હાલમાં ૫૩૦ કિમીમાં પાઇપલાઇન દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.
- ❖ મહાનગરપાલિકા વિસ્તારમાં ૯૦ mm અને ૧૧૦mmની કૂલ ૨૦૦ કિમી હોપ લાઇનને ડિજીટલ પાઇપલાઇનમાં ફેરવાશે.
- ❖ AMRUT ૨.૦ પ્રોજેક્ટ: મહાનગરપાલિકાના ૨૦ કિમીને આવરી લેતો રૂ.૧૪ કરોડનો પ્રોજેક્ટ આ વર્ષે પૂર્ણ થશે.
- ❖ "નલ સે જલ" પ્રોજેક્ટ હેઠળ રૂ.૪૨.૨૬ કરોડના ખર્ચે ૧૯૭ કિમીમાં PVC પાઇપલાઇન અને ૧૬ કિમીમાં ડિજીટલ પાઇપલાઇન નાખવામાં આવશે.
- ❖ આગામી 30 વર્ષની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને તબક્કાવાર પાણી વિતરણનો શહેરી માસ્ટર પ્લાન તૈયાર કરાશે.
- ❖ વઢવાણ વિસ્તારમાં ફ્લોટિંગ વૉટર ઈન્ટેક સ્થાપિત કરાશે. જેનો ૫૦ હજારથી વધુ નાગરિકોને લાભ મળશે.
- ❖ મહાનગરપાલિકામાં હાલમાં કાર્યરત ૧૬ વૉટર હેડ વર્કર્સને અપગ્રેડ કરાશે. આ ઉપરાંત નવા બે વૉટર હેડ વર્કર્સ બનાવવામાં આવશે.

## ગટર વ્યવસ્થા

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ૧૦૦ટકા વિસ્તારમાં ગટર સંગ્રહ વ્યવસ્થાપન સુવિધા ઉપલબ્ધ બનાવવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરાશે.
- ❖ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(STP):
- ❖ GUDC દ્વારા વઢવાણથી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(STP) સુધી પાઇપલાઇન અને ૫ પમ્પિંગ સ્ટેશન અપગ્રેડ કરવાનું કામ પ્રગિતમાં છે.
- ❖ મહાનગરપાલિકામાં નવા સમાવેશ થયેલા પાંચ ગામોના પોકેટ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(STP)નો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ(DPR) તૈયાર કરવામાં આવ્યો છે.

## વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ડૉર ટુ ડૉર કચરો સંગ્રહ કરવાની કામગીરી કરવામાં આવે છે. જેમા મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા નવા ગામડાઓ સહિત શહેરના ૮૫ ટકા વિસ્તાર આવરી લેવાયો છે.
- ❖ મહાનગરપાલિકા વિસ્તારમાં કચરો સંગ્રહ કરવા માટે નવા ૨૦ વાહનો વસાવવામાં આવ્યા છે.
- ❖ હાલમાં કુલ ૩૯ વાહનો દ્વારા ડૉર ટુ ડૉર કચરો સંગ્રહ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.
- ❖ મહાનગરપાલિકા વિસ્તારમાં દિવસમાં ૨ વખત વાણિજ્યિક વિસ્તારોમાં કચરો સંગ્રહ .







## વ્યૂહાત્મક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનનું કામ


### ટૂંકા ગાળાની ૧ વર્ષની વ્યૂહરચના

- પાણી વિરણની ૩૪ કિમીની પાઈપલાઈનના વારંવાર થતા લીકેજ અટકાવવાની કામગીરી કરાશે.
- HDPE થી DI માં અપગ્રેડેશન કરાશે.
- વૈકલ્પિક દિવસના પાણી વિતરણ-મજબૂતીકરણ વૉટર વર્ક્સનું આયોજન.
- પાણી અને ગટરના પાણીના નિકાલ માટે શહેરમાં માસ્ટર પ્લાન કાર્યરત કરાશે.
- ટૂંકા ગાળાની ૧ વર્ષની વ્યૂહરચના મુજબના કામ કરવામાં આવશે.
- ૧૫ કિમી લાઈન સાથે મુખ્ય તળાવોનું જોડાણ કરી વરસાદી પાણી ભરાતા વિસ્તારમાં પાણીનો નિકાલ કરવામાં આવશે.
- ૨૦ કિમીના નવા રોડ નેટવર્કનું નિર્માણ અને વિકાસના કામો કરાશે.
- સંગ્રહ અને સારવારમાં ગટરના ૮૦ ટકા પાણી પૈકીના ૬૦ ટકા પાણીને WW STP પર ટ્રીટ કરવામાં આવશે.
- મહાનગરપાલિકામાં અંદાજે ૧ હજાર સ્ટ્રીટ લાઈટ પોલ તથા ૫ હજારથી વધુ LED લાઈટ લગાવવામાં આવશે.
- સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મુખ્ય કાર્યાલયની ઈમારતનું અપગ્રેડેશન કરવામાં આવશે. મુખ્ય કાર્યાલય વધુ એક માળનું બાંધકામ થશે.
- મહાનગરપાલિકામાં ૧ હોકર્સ ઝોન અને ૧ ફૂડ પાર્કનું નિર્માણ કરવામાં આવશે.
- ટાગોર બાગ અને ધરમ તળાવ ખાતે બગીચાનો નવીનીકરણ કરાશે.
- જવાહરલાલ નહેરૂ લાઈબ્રેરી અને વઢવાણ લાઈબ્રેરીનો નવીનીકરણ કરાશે.
- ટાગોર બાગ ખાતે યોગ કેન્દ્ર અને મેંઘાણી બાગ ખાતે સ્વિમિંગ પૂલનું નિર્માણ કરવામાં આવશે.
- મહાનગરપાલિકાના યાત્રિંક વર્કશોપનું નવીનીકરણ કરાશે.



## લાંબા ગાળાની -૩ વર્ષની વ્યૂહરચના

- મહાનગરપાલિકા વિસ્તારમાં આશરે ૨૦૦ કિમી પાણીની લાઇન છે, જેમાં આશરે ૧૦૦ કીમી પાઈપલાઈનનું HDPE માંથી DI પાઈપલાઈનમાં નવીનીકરણ કરાશે.
- મહાનગરપાલિકાના નાગરિકોને દૈનિક શુદ્ધ પાણીના વિતરણનું આયોજન.
- શહેરી વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કરાશે.
- પાણી ભરાતા હોય તેવા વિસ્તારો દૂર કરાશે. ગટર અને વરસાદી પાણીના નિકાલ માટે ૧૦૦ ડ્રેનેડ સિસ્ટમ લાગુ કરાશે.
- મહાનગરપાલિકાના તમામ રોડ-રસ્તાઓ અને ગટરનું શુદ્ધિકરણ કરાશે.
- મહાનગરપાલિકામાં ૫ હજાર સ્ટ્રીટ લાઈટ પોલ અને ૧૫ હજાર LED લાઈટ લગાવાશે.
- મહાનગરપાલિકાના મુખ્ય કાર્યાલયની બિલ્ડીંગનું વિસ્તરણ કરી મહાનગરપાલિકાની બંને ઝોનલ ઓફિસના બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવશે.
- SCADA આધારિત પાણીની માહિતી આપતી સિસ્ટમ લાગુ કરાશે.
- સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં શોપિંગ કોમ્પ્લેક્સ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ફૂડ પાર્કનું નિર્માણ થશે.
- વઢવાણ સ્થિત મેળાના મેદાનમાં ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું નિર્માણ કરવામાં આવશે.
- ૧ હજાર ઢોરની ક્ષમતા ધરાવતા મહાનગરપાલિકા હસ્તકના બે પાંજરાપોળ શરૂ કરવામાં આવશે.
- શહેરમાં પાંચ પ્રતિષ્ઠિત રસ્તાઓનું પૂર્ણીકરણ કરાશે.
- રિવરફ્રન્ટ પર ઉત્તર બાજૂ ૩ કિમીના રોડનું નિર્માણ કાર્ય પૂર્ણ કરાશે. અને નવા ૪ કિમીના રોડનું નિર્માણ શરૂ કરાશે.
- રિવરફ્રન્ટ પર દક્ષિણ બાજૂના નદી કિનારા પર ૮ કિમીના નવા રોડ નિર્માણ કરાશે.
- જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે.
- સુરેન્દ્રનગર મહાનગરપાલિકા હસ્તકના અદ્યતન હાઈ-ટેક મિકેનિકલ વર્કશોપનું નિર્માણ થશે.



## પરિવહન સુવિધા

- નાગરિકોને પરિવહનહમાં સરળતા રહે તે માટે મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૮ સિટી બસ દોડવવામાં આવી રહી છે. આ બસનો રૂટ મહાનગરપાલિકામાં મર્જ થયેલા ૫ ગામો સુધી લંબાવાયો છે. નાગરિકોની પરિવહન સુવિધામાં વધારો થાય તે માટે વધુ ૨ સિટી બસો ઉમેરવામાં આવશે. આ ઉપરાંત ૨૨ નવા બસ સ્ટોપ બનાવવાનો પ્રોજેક્ટ પ્રગતિમાં છે.

## ટ્રાફિક નિયમનકારી

- ૫ સર્કલનો ડેવલોપમેન્ટ અને ૭ સ્માર્ટ સિગ્નલ્સનો પ્રોજેક્ટ પ્રગતિમાં છે.
- ટ્રાફિક સમસ્યાના નિવારણ સ્વરૂપે બસ સ્ટેશન અને મહેતા માર્કેટ નજીક પાર્કિંગ ઝોન બનાવાશે.
- શહેરમાં ૧ હજારથી વધુ દબાણ દૂર કરી રસ્તાઓ પહોળા કરવાનું કાર્ય પ્રગતિમાં છે.
- ભોગાવો નદી પર રૂ.૧૨.૭૦ કરોડના ખર્ચે GIDC અને વઢવાણ (જડેશ્વર વિસ્તાર)જોડતા પુલ નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે.
- જૂની બિનઉપયોગી રેલ્વે લાઈન પર અંદાજીત ૭ કિમીના રસ્તાનું નિર્માણ કરાશે.
- રાજકોટ-ધ્રાંગધ્રા હાઈવે પર રૂ.૪૨ કરોડના ખર્ચે મેક્સન સર્કલથી હેલીપેડ સુધાના બાયપાસ રોડનું નિર્માણ કરાશે.
- મહાનગરપાલિકાના ૨૦ કિમીના વિસ્તારમાં ફૂટપાથ અને ડિવાઈડરનું સમારકામ કાર્યરત છે.
- ગણપતિ ફાટક ખાતે રેલ્વે ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવશે.
- મુખ્ય શાકભાજી માર્કેટને NH થી NTM રોડ પર ખસેડવામાં આવ્યું છે.








## ધૂળ મુક્ત શહેર માટે યોજના

- ❖ મહાનગરપાલિકા વિસ્તારમાં રૂ.૨૦ કરોડના ખર્ચે દિવાલથી દિવાલ સુધી રસ્તાઓ બનાવવાના પ્રોજેક્ટ આયોજન.
- ❖ પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાઓ ઘટાડવા નવા રોડ ડિઝાઈનમાં ફૂટપાથનું સ્તર રોડ લેવલ પર હશે.
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ઝોન-૧ માં પસંદ કરાયેલા પ્લોટમાં C&D ગ્રેડના કચરાનું સંગ્રહ સ્થળ હશે.

## "કેચ ધ રેઈન"

- ❖ ૨૦૦ જેટલા પરકોલેશન કુવાઓ બનાવાશે.
(૧૦૦ કુવા - સુરેન્દ્રનગર મહાનગરપાલિકા હસ્તકના અને ૧૦૦ કુવા - સોસાયટી હસ્તક)
- ❖ ૧૦ તળાવોનું ઈન્ટરલિંકિંગનું કાર્ય પ્રગતિમાં છે.
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા તમામ સંપતિમાં ફરજિયાત વરસાદી પાણીના સંગ્રહ પ્રણાલીનો અમલ કરાશે.
- ❖ કચ્છના ગાંધીધામ અને અંજાર મોડેલ મુજબ સંભવિત રિચાર્જ ઝોનની ઓળખ કરવા સુરેન્દ્રનગર મહાનગરપાલિકા CEPT સાથે સહયોગમાં ભૂ-જળવિજ્ઞાન અભ્યાસ કરાશે.

## સોલાર રૂફટોપ

- ❖ GUDCL ને SNMC ની માલિકીની ૨૩ જેટલી જગ્યાઓ પર સૌર ઉર્જા પ્લાન્ટ શરૂ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૮ હજાર પરિવારોને સોલાર રૂફટોપ (પીએમ સૂર્યઘર યોજના) યોજનાનો લાભ મળી રહ્યો છે.

## વાર્ષિક કાર્યક્રમ કેલેન્ડર-ઉજવણી

- ❖ હેરિટેજ સિટીને પ્રોત્સાહન આપવા માટે હવા મહેલ ઉત્સવની ઉજવણી કરાશે.
- ❖ દૂધરેજ વડવાળા મંદીર ખાતે કૃષ્ણ જન્માષ્ટમી પર (મેળો) ઉત્સવનું આયોજન.
- ❖ વઢવાણ ખાતે મેળા જન્માષ્ટમીના મેળાનું આયોજન.
- ❖ મહાવીર સ્વામી જયંતિ પર જન-કલ્યાણ દિવસની ઉજવણી કરાશે.
- ❖ એમ.પી.શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે પતંગ મહોત્સવની ઉજવણી કરાશે.
- ❖ ભોગાવો નદી પરના રિવરફ્રન્ટ ખાતે "બુક ફેસ્ટીવલ"નું આયોજન.
- ❖ "હવા મહેલ" ખાતે બચુદાન ગઢવી લોક સાહિત્ય સંમેલન યોજાશે.
- ❖ ઝાલાવાડની ઝાંખી કરાવતા હેરિટેજ મ્યુઝિયમની સ્થાપના માટે સમિતિની રચના.

## કારીગરોઃ (સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૨૫-૨૬ હેઠળ)

- ❖ દૂધરેજ ફાટક ખાતે મૂળભૂત સુવિધાઓ સાથે કડિયા નાકાનું આયોજન.
- ❖ ૭૦૦વર્ષ જૂની વણાટ કામગીરી, કાચકલા, ધાતુકલા, પટોળાકલા વગેરે સાથે સંકળાયેલા કારીગરોને સશક્ત બનાવવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર કારીગરોનું ઓનબોર્ડિંગ.
- ❖ પરંપરાગત હસ્તકકલા ઉત્પાદન ક્ષેત્રમાં જોડાયેલા કારીગરોને માર્કેટિંગ અને વિકાસ તાલીમ આપવાનું આયોજન કરાશે.

## સ્વચ્છ હવા

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રૂ.૧ કરોડના ખર્ચે વૃક્ષારોપણ પ્રોજેક્ટ હેઠળ ૧ લાખ વૃક્ષો વાવવામાં આવશે.
- ❖ SJMMSVY હેઠળ મહાનગરપાલિકામાં ૫ એકર જમીનમાં શહેરી વન અને મિયાવાકી વન વિસ્તાર પ્રસ્તાવિત કરવામાં આવશે.
- ❖ સદભાવના ટ્રસ્ટ સાથે મળીને રસ્તાની બાજૂમાં વૃક્ષોરોપણનું આયોજન કરાયું છે.

## ટાઉન પ્લાનિંગ સ્કીમ અને ડેવલપમેન્ટ પ્લાન

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં 3 નવી ટીપી સ્કિમ જાહેર કરાશે.

## હાઉસિંગ અને આજીવિકા પ્રમોશન

### હાઉસિંગ

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં PMAY ૧.૦ યોજના હેઠળ રૂ. ૩૮.૪૧ કરોડના ખર્ચે ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૧૧૦૦થી વધુ આવાસનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.
- ❖ PMAY ૨.૦ યોજના હેઠળ ૨૦૦થી વધુ આવસનું નિર્માણ કાર્ય ચાલું છે, તેમજ ૮૧ આવાસનું આયોજન કરાયું છે.






## શહેરની સુંદરતા, હરિયાળી અને સ્વચ્છતા

- ❖ સ્વચ્છ શહેર:
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મુખ્ય રસ્તાઓ અને મુખ્ય બજારો માટે સઘન સ્વચ્છતા અભિયાન.
- ❖ "સ્વચ્છતા સર્વેક્ષણ" હેઠળ જાહેર દિવાલ પર પેઇન્ટિંગ કરવામાં આવ્યું છે.





## બ્યુટીફિકેશન પ્રોજેક્ટ્સ

- ❖ ધાર્મિક સંસ્થાઓ દ્વારા ૩ પ્રવેશ દ્વારનું નિર્માણ કરાશે.
- ❖ સ્વામિનારાયણ મંદિર (રાજકોટ રોડ)
- ❖ દૂધરેજ – વડવાળા મંદિર (ધ્રાંગધ્રા રોડ)
- ❖ જૈન ધર્મ સંસ્થા (લીંબડી રોડ)
- ❖ પ્રવાસન વિભાગમાં વઢવાણ હેરિટેજ સિટી ડેવલપમેન્ટ કરવામાં આવશે.
- ❖ રૂ.૫ કરોડના ખર્ચે ઝાલાવાડ મેમોરિયલ અને હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ થશે.
- ❖ SJMMSSY હેઠ રૂ.૧૦ કરોડના ખર્ચે ભોળા લેકનું નવીનીકરણ કરાશે.
- ❖ શહેરમાં નવા ૪ બગીચા વિકસાવવાનું કાર્ય પ્રગતિમાં છે.
- ❖ અજરાઅમર ટાવરનું નવીનીકરણ કરાશે.
- ❖ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને રાહદારીઓ માટે પગદંડી બનાવવાશે.
- ❖ રિવરફ્રન્ટ પર ઉત્તર ઝોનમાં અંદાજે ૩.૫ કિમીના રોડ ડેવલપમેન્ટની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં બાકીના ૪ કિમીનો રોડ પ્રસ્તાવિત કરાશે.
- ❖ રિવરફ્રન્ટ પર દક્ષિણ ઝોનમાં (વઢવાણ, જોરાવરનગર, રતનપર બાજૂ) આશરે ૮ કિમીના રોડ નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે.













## નાગરિક સંબંધિત

- ❖ શહેરી સામાજિક નીતિઃ
- ❖ "હવા મહેલ" ખાતે રૂ.૧૦ કરોડના ખર્ચે લાઇટ એન્ડ સાઉન્ડ શો શરૂ માટે દરખાસ્ત કરવામાં આવી છે.







## આઇકોનિક શહેરી સ્તરની મનોરંજનની જગ્યાઃ

- ❖ ભોળા તળાવ ડેવલપમેન્ટ માટે DPR તૈયાર છે.
- ❖ ટાગોર બાગની પુનઃસ્થાપના માટે રૂ.૧ કરોડનું ઓનલાઈન ટેન્ડર કરાશે.
- ❖ ટાગોર બાગ ખાતે યોગ સ્ટુડીયો ઉભો કરવામાં આવશે.
- ❖ ધરમ તળાવનો જીર્ણોદ્ધાર કરી તેનું ઉદ્દઘાટન કરાશે.
- ❖ દૂધરેજ ગામ તળાવ સ્ટોન પંચીંગની કામગીરી કાર્યરત છે.





## સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સામુદાયિક જગ્યાઓનો વિકાસ


- રૂ.3.3 કરોડના ખર્ચે ૨ પુસ્તકાલયનું અપગ્રેડેશન કરાશે.
- રૂ.3.3 કરોડના ખર્ચે ૫ કોમ્યુનિટી હોલનું નવીનીકરણ કરાશે.
- રૂ.૧૦ કરોડના ખર્ચે "રંભાબેન ટાઉનહોલ"ને પૂનઃનિર્મિત કરાશે.
- રૂ.૫ કરોડના ખર્ચે વઢવાણ મેળાના મેદાન ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ઉભું કરાશે.
- રૂ.૨ કરોડના ખર્ચે હાલના બગીચાઓમાં બાળકો માટે ઓપન જીમ શરૂ કરાશે.
- મહાનગરપાલિકા વિસ્તારમાં એક સ્વિમિંગ પુલ કાર્યરત કરાશે. આ ઉપરાંત દક્ષિણ ઝોનમાં રતનપર ખાતે એક વધારોનો સ્વિમિંગ પુલ વિકસાવવામાં આવશે.
- બોક્સ ક્રિકેટ, બેડમિન્ટન વગેરે જેવી આઉટડોર રમતો માટે ગોકુલ હોટલ, ઓવરબ્રિજ પાસે જમીનની પસંદગી કરાઈ છે.



## સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં વહિવટી સુધારણા

- ❖ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી એકાઉન્ટિંગ પદ્ધતિનું અમલીકરણ કરાયું છે.
- ❖ એકાઉન્ટિંગ સોફ્ટવેર પુરા પાડવા YES BANK સાથે MoU કરવામાં આવ્યા છે.
- ❖ મહાનગરપાલિકા કાર્યાલય ખાતે ૨૪x૭ ફરિયાદ નિવારણ સેલ કાર્યરત કરાયો છે. જેનું ઉત્તર ઝોનનું કાર્યાલય મેઘાણી બાગ ખાતે કાર્યરત છે, જ્યારે દક્ષિણ જોનનું કાર્યાલય ખાંડી પોળ-વઢવાણ ખાતે કાર્યરત છે. આ સેલ દ્વારા અત્યાર સુધીમાં ૨ હજારથી વધુ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં વહિવટી સરળતા માટે કુલ ૧૩ વૉર્ડ જાહેર કરાયા છે.
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મુખ્ય કાર્યાલયમાં ૨૦ વિભાગ અને ૪૦ શાખાઓ કાર્યરત છે. આ કાર્યલયની શાખા શહેરના ઉત્તર ઝોન અને દક્ષિણ ઝોન એમ બે ઝોનમાં અલગ-અલગ કચેરીમાં કાર્યરત છે, જેમાં દરેક કાર્યાલયમાં ૧૭ શાખાઓ અને ૨ સિટી સિવિક સેન્ટર કાર્યરત છે.






## ૩૬૦° ડિજિટલાઈઝેશન

- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાએ ૧ મે, ૨૦૨૫ના રોજ પોતાની વેબસાઈટ લોન્ચ કરી છે.
- ❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા તમામ કામગીરી ઈ-સરકાર પર શરૂ કરાશે.
- ❖ HRMS, PMS, FMS માટે ઉપયોગમાં લેવાતું એકાઉન્ટિંગ મોડ્યુલ લાગુ કરાશે.

















### શાસન સુધારણાઃ માઈલસ્ટોન સિદ્ધિ-કર સંગ્રહ

- વર્ષ ૨૦૨૩-૨૪ માં કર વસૂલાત ૧૦.૩૯ ટકા હતો, ચાલુ વર્ષે ૩૮.૯૪ ટકા વધ્યો છે.
- ચાલુ વર્ષે રૂ.૨૬.૩૩ કરોડ કર વસૂલવામાં આવ્યો છે.
- કર વસૂલાતનો કુલ કર સંગ્રહ વાર્ષિક માંગના ૧૦૩ ટકા છે.

### ક્ષમતા નિર્માણઃ

- ટેકનિકલ કેટર સાથે તમામ માનવબળ ટેન્ડર ઓનલાઈન છે.
- ૫૩૯ જગ્યાઓ માટે એચ.આર.ની મંજુરી માટેનો પ્રસ્તાવ સરકારને સુપરત કરાયો છે.
- અમદાવાદ મહાનગરપાલિકા ખાતે નવા ભરતી થયેલા કર્મચારીશ્રીઓને સંબંધિત વિભાગની વહિવટી અને તકનીકી કાર્યપદ્ધતિ માટે તાલીમનું આયોજન કરાયું હતું.
- ગાંધીનગર ખાતે ગુજરાત શહેરી વિકાસ સંસ્થા દ્વારા "ક્ષમતા નિર્માણ વર્કશોપ" વિષય પર ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરાયું હતું.
- SPIPA ફેકલ્ટી દ્વારા નવ નિયુક્ત અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓની તાલીમનું આયોજન કરાયું હતું.
- ફાયર સ્ટાફના કર્મચારીશ્રીઓ માટે ફાયર મોક ડ્રીલ અને તાલીમની વ્યવસ્થા કરાઈ હતી.




## SNMC કલ્યાણ કાર્ય

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા કાર્યરત ઈલેક્ટ્રીક ટીમ અને સેનિટેશન ટીમને સેફ્ટી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.











## દબાણ દૂર કરવાની કામગીરી

❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ૧ હજારથી વધુ દબાણ હંગામી ધોરણે દૂર કરાયા છે.

❖ શહેરી વિસ્તારમાં દબાણ દૂર કરીને ખુલ્લી જગ્યામાં ૧૨ પાર્કિંગનું નિર્માણ કરાશે.

## ❖ રખડતા ઢોર નિયંત્રણ

❖ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૮૨૭ રખડતા ઢોરને પકડીને પાંજળાપોળ ખાતે મોકલવામાં આવ્યા હતા.

❖ શહેરની સુંદરતા વધારવા માટે પુલ, બગીચા, રસ્તા વગેરેની નિયમિત સફાઈ કરવામાં આવે છે.

❖ જાહેરમાં કચરો શહેરને પ્રદૂષિત કરનારા પાસેથી રૂ.૩.૭૧ લાખના દંડની વસૂલાત કરવામાં આવી છે.

# સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ખાતમૂહુર્તના કામોની યાદી

| ક્રમ | કામનું નામ | યોજના |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના જુદાજુદા વિસ્તારમા સી.સી. રોડના કામો | SJMMSVY UDP-૮૮ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ |
| ૨ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના જુદાજુદા વિસ્તારમા ડામર રોડના કામો | SJMMSVY UDP-૮૮ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ |
| ૩ | (B) અન્ય રસ્તાઓ | SJMMSVY આંતરમાળખાકીય સુવિધા (રસ્તાના કામો) |
| ૪ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સ્લમ વિસ્તારના કામો | SJMMSVY આંતરમાળખાકીય સુવિધા (રસ્તાના કામો) |
| ૫ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમા જીલ્લા પંચાયતથી એમ.પી. શાહ આર્ટસ કોલેજ (રીવરફ્રન્ટ) આર.સી.સી. રોડ નું કામ | મુખ્યમંત્રી શહેરી સડક યોજના વર્ષ ૨૦૨૪-૨૦૨૫ |
| ૬ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમા વીરા હોટેલ થી ભક્તીનંદન સર્કલ સુધી (૮૦ ફૂટ રોડ) ડામર રોડનું કામ | મુખ્યમંત્રી શહેરી સડક યોજના વર્ષ ૨૦૨૪-૨૦૨૫ |
| ૭ | કન્સ્ટ્રકશન ઓફ સિમેન્ટ કોન્ક્રીટ રોડ ઇન વોર્ડ નં. ૧૧,૧૩ વેરીયાર્સ સ્ટ્રીટ (એજ પર લીસ્ટ) ઇન સુરેન્દ્રનગર દૂધરેજ વઢવાણ નગરપાલિકા | SJMMSVY અંતર્ગત આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસના કામો |







## (A) સીટી બ્યુટીફીકેશન અને સફાઇના કામો

| ક્રમ | કામોની વિગત |
|---|---|
| ૧ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મુખ્ય રસ્તાઓના સીટી બ્યુટીફીકેશનની કામગીરી (ડીવાઇડર, ગ્રીલ, કેટઆઇ પટ્ટા, થર્મોપ્લાસ્ટ, ફુટપાથ રીપેરીંગ વિગેરે કામગીરી ) |
| ૨ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મુખ્ય રસ્તાઓ ઉપર આવેલ સ્ટ્રીટલાઇટ તથા મેઇન્ટેનન્સની કામગીરી |
| ૩ | ટાગોરબાગનુ અપગ્રેડેશન |
| ૪ | સાફ સફાઇ અને સ્વચ્છતાની કામગીરી. |
| ૫ | (૧) ટ્રક માઉન્ટેડ રોડ સ્વીપર (૨) મીની રોડ સ્વીપર (૩) સફાઇ કામગીરીને લગત આનુંસાગિક કામગીરી |

## (B) "વહીવટી ક્ષમતામાં વધારો કરવા માટેના કામો

(Office Strengthening and Miscellaneous Expenditure)

| ક્રમ. | કામોની વિગત |
|---|---|
| ૧ | મહાનગરપાલિકા ઓફીસ, ઝોન ઓફીસ, વોર્ડ ઓફીસ, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર વીથ મેન પાવરના કામો |
| ૨ | મહાનગરપાલિકા ઓફીસ બિલ્ડીંગ,દક્ષિણ ઝોન ઓફીસ બિલ્ડીંગ અપગ્રેડેશનનુ કામ. |
| ૩ | મહાનગરપાલિકા ઓફીસ બિલ્ડીંગ, દક્ષિણ ઝોન ઓફીસ બિલ્ડીંગમાં ફર્નીચરનુ કામ. |
| ૪ | મહાનગરપાલિકા ઓફીસ, દક્ષિણ ઝોન ઓફીસ,વોર્ડ ઓફીસ વિગેરે મિલ્કતો ખાતે સીસીટીવી કેમેરાની કામગીરી |
| ૫ | મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ માટે નવા વાહનોની ખરીદી. |
| ૬ | મહાનગરપાલિકા ઓફીસ તથા દક્ષિણ ઝોન ઓફીસ કામગીરી માટે સોફટવેર ડેવલોપમેન્ટની કામગીરી (ટેક્ષ,વેબસાઇટ, મોનીટર, ઇવીલ્યુશન હાર્ડવેર એન્ડ સોફટવેર) |
| ૭ | ઓફીસ સ્ટ્રેન્થનીંગની કામગીરી. |








## SJMMSVY વર્ષ ૨૦૨૫-૨૬ના કામોનું આયોજન

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના**

**ઠરાવ ક્રમાંક : UDUHD/ELC/e-file/૧૮/૨૦૨૩/૦૩૭/DH Dt.૦૭/૦૪/૨૦૨૫**

| વિગત | ક્રમ | કામોનુ નામ |
|---|---|---|
| | | **(A) ભૌતિક આંતરમાળખાકીય સુવિધા.** |
| જળસંચયના કામો તથા તળાવ બ્યુટીફીકેશન | ૧ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બોડા તળાવને ડેવલોપમેન્ટ કરવાનુ કામ. |
| રસ્તા અને ટ્રાફીક સર્કલના કામો | ૨ | (૧) ગેબનશાપીર સર્કલ (૨) ભક્તીનંદન સર્કલ (૩) સંત-સેવૈયાનાથ સર્કલ (૪) મેકસન સર્કલ (૫) રતનપર ૩૪ નંબર સર્કલ (૬) વઢવાણ સ્વામીનારાયણ સર્કલ (૭) અજરામર ટાવર સર્કલ ડેવલોપમેન્ટનુ કામ. |
| જાહેર ઉધાનોનુ નિર્માણ અને જાળવણી, સામાજીક વનીકરણ વિ. | ૩ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમા ટાગોરબાગ અને ટી.પી. પ્લોટમાં મિયાવાકી / અર્બન ફોરેસ્ટનુ કામ |
| શોપીંગ કોમ્પલેક્ષ. | ૪ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નોર્થ ઝોન ઓફીસ અને શોપીંગ કોમ્પલેક્ષનુ કામ. |
| આપત્તિ નિવારણ માટે અગ્નિશામન ઉપકરણો તથા ફાયર સ્ટેશન. | ૫ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ફાયર સ્ટેશન માટે ફાયરના સાધનો વસાવવાનુ કામ. |
| | ૬ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ફાયર સ્ટેશન ઉપર મીકેનીકલ વર્કશોપ અપગ્રેડેશનનુ કામ. |
| ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓને લગત અન્ય કામો. | ૭ | ઈ-ગર્વનંન્સ (કોમ્પ્યુટર,હાર્ડવેર, ઈલેક્ટ્રોનીક્સ હાર્ડવેર, સોફ્ટવેર ડેવલોપમેન્ટ, સી.સી.સી.ટીવી.) |
| | ૮ | ૧૦૦૦ પશુઓ માટે પાંજરાપોળ / ગૌશાળા બનાવવાનુ કામ. |
| | ૯ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તાર તથા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ અને પોલનુ કામ. |
| અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પીટલ, આંગણવાડી | ૧૦ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આધુનિક આંગણવાડીનુ કામ. |
| | ૧૧ | મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) કૃષ્ણનગર કોમ્યુનીટી હોલ (૨) રતનપર કોમ્યુનીટી હોલ (૩) જોરાવરનગર કોમ્યુનીટી હોલ (૪)એસટીનગર કોમ્યુનીટી હોલ રીનોવેશનનુ કામ. |
| વેન્ડર માર્કેટ/ઓટલા અને શેડ વાળી માર્કેટ)હોકર્સ ઝોન, પાર્કીંગ સુવિધા સહિત | ૧૨ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નોર્થ ઝોનમાં હોકર્સ ઝોન બનાવવાનુ કામ. |
| | ૧૩ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સાઉથ ઝોનમાં હોકર્સ ઝોન બનાવવાનુ કામ. |
| | ૧૪ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નોર્થ ઝોનમાં ફુડ પાર્ક બનાવવાનુ કામ. |
| | ૧૫ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કડીયા નાકા બનાવવાનુ કામ. |
| શહેરી બસ સેવા અને ટ્રાફીક વ્યવસ્થા | ૧૬ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સી.ટી. બસ સ્ટેશન અને બસ સ્ટોપ (ઓપરેશન ઓફ સીટી બસ)નું કામ. |
| | ૧૭ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ટ્રાફીક નિયમન માટે સીગ્નલ લગાવવાનું કામ. |
| વોટર બોડી લેન્ડ સ્કેપીંગ, રીવરફ્રંન્ટ | ૧૮ | ભોગાવા નદી ઉત્તર કાંઠે બસ સ્ટેશન પાછળથી ગેબનશાહ પીર સુધી રીટેનીંગ વોલ સાથે રસ્તા સહીતનુ રીવરફ્રંન્ટ એક્સટેશનનુ કામ. |
| પાર્ક ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક | ૧૯ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સાઉથ ઝોન ઓફીસ સામે ખાંડીપોળ બગીચાનુ કામ. |
| | ૨૦ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ગાર્ડનમા પ્લે ઈકવીપમેન્ટ,અને જીમ ઈકવીપમેન્ટ અને ગાર્ડન ઈકવીપમેન્ટનુ કામ |
| સ્વીમીંગપુલ, યોગાકેન્દ્ર, નોલેજ સેન્ટર | ૨૧ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસતારમાં યોગા સેન્ટર બનાવવાનુ કામ. |
| | ૨૨ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નોલેજ સેન્ટર/ ઈ-લાયબ્રેરી અને રીડીંગ રૂમનુ કામ. |
| | ૨૩ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ રંભાબેન ટાઉનહોલ નવીનીકરણ કરવાનુ કામ. |



## સ્વર્ણિમ જયંતી મુખ્યમત્રી શહેરી વિકાસ યોજના

### એનેક્ષ્ચર – A

સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દરખાસ્ત સૂચવેલ કામોની વિગત.

| વિગત | કામની સંખ્યા |
|---|---|
| **ભૌતીક આંતરમાળખાકીય સુવિધા.** | |
| આઈકોનીક રોડ | ૫ |
| અન્ય રસ્તા | ૩૩ |
| સ્લમ વિસ્તારના કામો | ૨૧ |
| સ્ટ્રોમ વોટર ડ્રેનેજ | ૩ |
| વોટર સપ્લાય અને ભૂગર્ભ ગટર | ૧ |
| **સામાજિક આંતરમાળખાકીય સુવિધા.** | |
| લાયબ્રેરી નવીનીકરણ | ૨ |
| સીટી સીવીક સેન્ટર | ૨ |
| **શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવા કામો.** | |
| પાર્ક ગાર્ડન અને એમયૂઝમેન્ટ પાર્ક | ૧ |
| સર્કલ બ્યુટીફીકેશન / ડેવલોપમેન્ટ | ૪ |
| હોકર્સ ઝોન | ૧ |

### એનેક્ષ્ચર – B

| વિગત | ક્રમ | કામનું નામ |
|---|---|---|
| **ભૌતીક આંતરમાળખાકીય સુવિધા.** | | |
| આઈકોનીક રોડ | ૧ | વાલમ પાર્કથી જીઆઈડીસી નવો ૮૦ ફૂટ રોડ સુધીનો આઇકોનીક રોડ |
| | ૨ | ધોળીપોળ થી પંજાબ નેશનલ બેંન્ક સુધીનો આઇકોનીક રોડ |
| | ૩ | રતનપર પોલીસ ચોકીથી અંડરપાસ સુધીનો આઇકોનીક રોડ |
| | ૪ | રતનપર માળોદ ચોકડીથી બાપા સીતારામ ચોક સુધીનો આઇકોનીક રોડ |
| | ૫ | જૂનો ૮૦ફૂટ રોડ વીરાહોટલથી ભકતીનંદન સર્કલ સુધીનો આઇકોનીક રોડ |
| સ્ટ્રોમ વોટર ડ્રેનેજ | ૧ | દૂધરેજ તળાવથી શાળા નંબર -૨,થી મેઈન રોડ નાળા તરફ વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનનુ કામ. |
| | ૨ | રતનપર બાયપાસ રોડ ઉમીયા -૨ સામેથી માળોદ ચોકડી તરફ વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનનુ કામ. |
| | ૩ | મૂળચંદ રોડ ઈલાઈટ હોમથી મુળચંદ તળાવ સુધી વરસાદી પાણીના નિકાલની માટેની લાઈનનુ કામ. |
| **સામાજીક આંતરમાળખાકીય સુવિધા** | | |
| લાયબ્રેરી નવીનીકરણ | ૧ | હયાત માં. જવાહરલાલ નહેરૂજી લાયબ્રેરીનું નવીનીકરણ તથા આધુનીક સુવિધાઓ |
| | ૨ | હયાત વઢવાણ લાયબ્રેરીનું નવીનીકરણ વઢવાણ દક્ષિણ ઝોન કચેરીમાં લાયબ્રેરી તથા આધુનીક સુવિધાઓ |
| હોકર્સ ઝોન | ૧ | ટાગોર બાગ પાછળ હોકર્સ ઝોનની કામગીરી અંતર્ગત ઓટા, શેડ તથા આની કામગીરી |
| સીટી સીવીક સેન્ટર | ૧ | ઉતર ઝોનમાં આધુનીક સુવિધાઓ સાથે સીટી સીવીક સેન્ટર |
| | ૨ | દક્ષીણ ઝોનમાં આધુનીક સુવિધાઓ સાથે સીટી સીવીક સેન્ટર |
| **શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવા કામો** | | |
| પાર્ક ગાર્ડન અને એમયૂજમેન્ટ પાર્ક | ૧ | કમળ તળાવનું થીમ આધારીત બ્યુટીફીકેશન તથા ગાર્ડન અને ચિલ્ડ્રન પાર્ક |
| સર્કલ બ્યુટીફીકેશન / ડેવલોપમેન્ટ | ૧ | ગેબનશાપીર સર્કલ ડેવેલોપેંન્ટની કામગીરી |
| | ૨ | ભક્તીનંદન સર્કલ ડેવેલોપેંન્ટની કામગીરી |
| | ૩ | સંત-સેવૈયાનાથ સર્કલ ડેવેલોપેંન્ટની કામગીરી |
| | ૪ | મેકસન સર્કલ ડેવેલોપેંન્ટની કામગીરી |



## સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દરખાસ્ત સૂચવેલ કામોની વિગત

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમા જીલ્લા પંચાયતથી એમ.પી. શાહ આર્ટસ કોલેજ (રીવરફ્રન્ટ) આર.સી.સી. રોડ નું કામ |
| ૨ | સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમા વીરા હોટેલ થી ભક્તીનંદન સર્કલ સુધી (૮૦ ફૂટ રોડ) ડામર રોડનું કામ |

**ભૌતિક આંતરમાળખાકીય સુવિધા(અન્ય કામો)**

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ખમીસાણા વિસ્તારમાં રામાપીરના મંદિરનો મેઈન રોડ તથા આજુબાજુની ગલીઓ સી.સી. રોડનુ કામ |
| ૨ | ખમીસાણા વિસ્તાર પ્રાથમિક શાળાની આજુબાજુની ગલીઓમાં સી.સી. રોડનુ કામ. |
| ૩ | ખમીસાણા વિસ્તાર જીવણભાઈના ધરથી રૂપાભાઈના ધર સુધી સી. સી. રોડનુ કામ. |
| ૪ | ખમીસાણા-૨,વિસ્તારમાં પ્રાથમિક શાળા વાળા રોડને સી.સી. રોડનુ કામ. |
| ૫ | ખમીસણા રોડ નાળાથી હેલીપેડ તરફના રોડ ડામર રોડનુ કામ. |
| ૬ | ખેરાળી ગામે કેનાલ થી તળાવ સુધી રસ્તાની બંન્ને સાઇડ પેવર બ્લોક તથા ડામર રોડનુ કામ. |
| ૭ | સરગામ પાનથી બાયપાસ તરફ રોડ ઉપર ડામર રોડનુ કામ. |
| ૮ | માળોદ ગામે બસ સ્ટેન્ડ સામેથી આંગણવાડી સુધીનો રસ્તાથી તથા રામજી મંદિરવાળો રસ્તો.સી.સી. રોડનુ કામ |
| ૯ | માળોદ નવા પરા વિસ્તાર તથા પટેલ સમાજના વાડી વિસ્તારમાં સી. સી. રોડનુ કામ |
| ૧૦ | માળોદ ગામે બેંન્કની બાજુની ગલીઓ તથા પ્રાથમિક સ્કુલ પાસેના વિસ્તારમાં સી. સી.રોડનુ કામ. |
| ૧૧ | માળોદ ગામે સ્વામીનારાયણ મંદિર પાછળના વિસ્તારમાં સી. સી.નુ કામ |
| ૧૨ | મુળચંદ ગામે નવા પ્લોટ વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૧૩ | મુળચંદ ગામે જુનુ ગામતળ તથા ગ્રામ પંચાયત પાછળનો વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૧૪ | મુળચંદ રોડ શિવ આર્ચીડથી સુયોદય સોસા.ના બોર્ડ સુધી ડામર રોડનુ કામ. |
| ૧૫ | મુળચંદરોડ મેલડી માતાના મંદિરથી લુહાર સુથારની વાડીતરફ ડામરરોડનુ કામ |
| ૧૬ | ચમારજ બસ સ્ટેન્ડ સામેના વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૧૭ | ચમારજ બસ સ્ટેન્ડ થી તળાવ સુધી સી. સી. રોડનુ કામ. |
| ૧૮ | ચમારજ ગામે બાલુભાઈની દુકાન સામેના વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૧૯ | ચમારજ પ્રાથમિક શાળા સામેના વિસ્તારમાં સી. સી. રોડનું કામ. |
| ૨૦ | ખારવા રોડ રાવળ વાસ, નરસિંહ ટેકરી વિસ્તારમાં સી. સી. રોડનું કામ |
| ૨૧ | ભોયરાપા, ભાટવાડના નાકા, ચંદન ચોક વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૨૨ | ભોયરાપા, દેપાળાવાડ, ધોળીપોળ વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૨૩ | દાજીરાજ સર્કલથી પ્રસૃતી ગૃહના ખુણા સુધી ડામર રોડનુ કામ. |
| ૨૪ | માળોદ ચોકડીથી શીવધારા સોસા. સુધી ડામર રોડનું કામ |
| ૨૫ | રતનપર દેવનંદન ડી.પી. રોડમાં ડામરનું કામ. |
| ૨૬ | જોરાવરનગર સરકારી દવાખાનાથી આંબેડકરનગર સુધી ડામર રોડનુ કામ |
| ૨૭ | હેન્ડલુમ રોડ પાણીની ટાંકીથી દાળમીલ રોડ ગજુભાના ગલ્લા સુધી ડામર રોડનુ કામ. |
| ૨૮ | ટી.બી. હોસ્પીટલ સામેથી ડો. થાનકી સાહેબના ધર સુધી ડામર રોડનુ કામ |
| ૨૯ | બ્રહ્માકુમારી સર્કલથી આર્ટસ કોલેજના ખુણા સુધી ડામર રોડનુ કામ. |
| ૩૦ | નવી એસ.પી. સ્કુલથી માનવ મંદિરના પાછળના ખુણા સુધી મુળચંદ ડામર રોડનુ કામ. |
| ૩૧ | અલ્ટ્રાવિઝન સ્કુલ સામેથી એકસીસ બેંન્ક સુધી ડામર રોડનુ કામ. |
| ૩૨ | ઉપાસના સર્કલથી ભકિતનંદન સર્કલ સુધી ડામર રોડનુ કામ. |
| ૩૩ | ટાગોરબાગના ખુણાથી માઈ મંદિર સુધી ડામર રોડનુ કામ. |

## ભૌતિક આંતરમાળખાકીય સુવિધા(સ્લમ વિસ્તારના કામો)

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ખમીસાણા-૨,વિસ્તારમાં દાણાવાડા રોડની આજુબાજુની ગલીઓમાં સી. સી.રોડનુ કામ. |
| ૨ | ખમીસણા રોડ હેલીપેડ થી ગજુભાના ગલ્લા સુધી ડામર રોડનુ કામ. |
| ૩ | ખેરાળી જુની પાણીની ટાંકી વિસ્તારમાં સી.સી.રોડનું કામ |
| ૪ | ખેરાળી પરમારના મઢ વિસ્તારમાં સી.સી. રોડનું કામ |
| ૫ | માળોદ ગામે રામદેવપીર મંદિર વિસ્તાર અને કનુભા મસાણીના ધર પાસેની વિસ્તારમાં સી. સી. રોડનું કામ |
| ૬ | માળોદ ગામે રામજીભાઇ વશરામભાઇ કાંજાના ધરથી તળાવની પાળ વાળો વિસ્તારમાં સી. સી. રોડનુ કામ. |
| ૭ | માળોદ ગામે પ્રાથમીક સ્કુલ સામે આવેલ ઢાળ વિસ્તારમાં અવાડાથી કેનાલ સુધી સી. સી. રોડનું કામ |
| ૮ | માળોદ ગામે પંચાયત ઓફીસ પાછળના વિસ્તારમાં સી. સી.રોડનુ કામ |
| ૯ | મુળચંદ રોડ માનવ મંદિર પાછળ દેવીપુજક વિસ્તારમાં ૬ ગલીઓમાં સી. સી. રોડનું કામ. |
| ૧૦ | ચમારજ ગામે બસ સ્ટેન્ડ પાછળનો વિસ્તાર ૬ શેરીમાં સી. સી. રોડનું કામ |
| ૧૧ | ચમારજ ગામે નર્મદા કેનાલ પાસે નવ દુર્ગા વિહાર શેરીઓમાં સી. સી. રોડનું કામ. |
| ૧૨ | અણધટનાથ મહાદેવ મંદિરથી સોનાપુર સુધી ડામર રોડનુ કામ. |
| ૧૩ | રાજ હોટલ આંબેડકર સર્કલથી રીવરફ્રંટના ખુણા સુધી ડામર રોડનુ કામ |
| ૧૪ | ભકિતનંદન સર્કલથી નવા ૮૦ ફુટના રોડ સુધી ડામર રોડનુ કામ. |
| ૧૫ | ઓવર બ્રિજના છેડાથી અલંકાર ટોકીઝ તથા રેલ્વેની દિવાલ વાળા રોડમાં ડામર રોડનુ કામ. |
| ૧૬ | દાળમીલ રોડથી નિર્મળનગર તરફનો રસ્તાને ડામર રોડનુ કામ. |
| ૧૭ | ડી.એન. ટી. હાઈસ્કુલથી કાળુભાઇ માંગુડા (ભરવાડ) ના ધર સુધી ડામર રોડનુ કામ. |
| ૧૮ | રતનપર સોમનાથ ચોકથી સરગમ હોટલવાળા રોડના ખુણા સુધી. |
| ૧૯ | ખાણ વિસ્તાર ભકિતનગર વિસ્તારમાં મેઈન રોડ સી. સી. રોડનુ કામ. |
| ૨૦ | ગોકુળનગર વિસ્તારમાં મેઈન રોડ તથા પેટા ગલીઓમાં સી. સી. રોડનુ કામ. |
| ૨૧ | ગંગાનગર હુડકો પેટા ગલીઓમાં તથા વડનગરમાં સી. સી. રોડનુ કામ. |
| ૧૬ | દાળમીલ રોડથી નિર્મળનગર તરફનો રસ્તાને ડામર રોડનુ કામ. |

## સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૦૨૫ અંતર્ગતના કામોની વિગત

### (A) ( ડામર રોડના કામો )

| ક્રમ | કામનુ નામ |
|---|---|
| ૧ | રતનપર ગાંધીનગર સોસાયટી-૧ થી આલ્ફા ચોક સુધી |
| ૨ | નવા જંકશન થી સત્તાભાઈની હોટલ સુધી |
| ૩ | પોલીસ હેડ કવાર્ટરના નાળાથી એન.ટી.એમ. હાઈસ્કુલની ચોકડી સુધી |
| ૪ | જે.પી. મેઈન રોડ થી કરમણપરા સુધી |
| ૫ | જીનતાન મેઈન રોડ આકાશ મોબાઈલ થી જગદિશ ત્રીવેદી ચોક સુધી |
| ૬ | ૮૦ફુટ રોડ મારૂતિ સર્કલ થી નવા ૮૦ફુટ રોડ સંત રોહીદાસ સર્કલ સુધી. |
| ૭ | જોરાવરનગર શંકર ટીમ્બર થી ભોગાવા સુધી પોસ્ટ ઓફીસ વાળો રોડ |

### (B) (સી. સી. રોડના કામો. )

| ક્રમ | કામનુ નામ |
|---|---|
| ૧ | પાણીની ટાંકી થી આઇ.પી.એસ. સ્કુલ થી મહાદેવનગર સુધી |
| ૨ | રતનપર બાયપાસ થી કેનાલ સુધી |
| ૩ | ધોળીપોળ પાણીની ટાંકી અંદર અને સામેના ચોકમાં પેવર બ્લોક |
| ૪ | ધોળીપોળ પાણીની ટાંકી વાળો આર.સી.સી. રોડ |
| ૫ | કચરાભાના ડેલા થી જુની ભોજનશાળા પાછળના નાળા સુધી |
| ૬ | રતનપર વાલ્મીકી વાસ વાળો મેઈન રોડ |
| ૭ | ગણપતી ફાટસર બાપા સીતારામ મઢુલી વાળો રોડ અને પેટા ગલીઓ |
| ૮ | ડાંગસીયા વસાહત થી સુરસાગર ડેરીના ખુણા સુધી |
| ૯ | વાલ્મીકી વાસ શેરી નં.-૧ રાજુભાઇ પટ્ટાવાળાના ઘર વાળો રોડ |
| ૧૦ | વાલ્મીકી વાસ શેરી નં.-૨ દિપકભાઇ દીનુભાઈના ઘર વાળો રોડ |
| ૧૧ | હરીભાઈના ડેલા થી મેઈન રોડ સુધી |
| ૧૨ | વચલુ કોળીપરૂ દલજીભાઈના ઘરથી વાલ્મીકી વાસના ખુણા સુધી |
| ૧૩ | રોહીદાસ મંદીર થી ભોગાવો નદીના કાંઠા સુધી |

### અન્ય રોડના કામ

| ક્રમ | કામનુ નામ |
|---|---|
| ૧ | જીન ની દીવાલ થી કાંગસિયા નાળા સુધી |
| ૨ | ખારાકુવાની ફાટક ઉતરતા શકતીનંદન વિસ્તાર |
| ૩ | રીલાયન્સ ઓફીસ વાળો મેઈન રોડ કમાભાઇ જીવણભાઈના ઘર થી બાયપાસ રોડ સુધી |
| ૪ | કેનાલ પાસે કાનાભાઇ પુનાભાઈના ઘરથી જયંતીભાઇ મીસ્ત્રીના ઘર સુધી |
| ૫ | કમાભાઇ જીવણભાઈના ઘરથી ભરતભાઇ રામાભાઇ મુંઘવાના ઘર સુધી આડી ગલી |
| ૬ | ગણપતી ફાટસર પ્રાથમીક સ્કુલ વાળો રોડ ગેટ થી ખાતરા સુધી |
| ૭ | રીધ્ધી-સીધ્ધીનગર પાસે આવેલ ગજાનંદ પાર્ક |
| ૮ | કંકુપાર્ક વિસ્તારથી ભાગ્યોદય વણાટ મંડળી પ્રવીણભાઈના શેડ અને ગીરીશભાઈ વેગળા વાળી ગલી (ટુવાવાળા )સુધી |
| ૯ | રવીપાર્ક શેરી નં.-૧ સુભાષભાઈના ઘર વાળી શેરી |
| ૧૦ | રવીપાર્ક શેરી નં.-૨ |
| ૧૧ | રવીપાર્ક આડી શેરી |
| ૧૨ | કોકીલ પોટરીના ગેટ થી ડાબી બાજુ શેરી નં.-૧ અને જમણી બાજુ શેરી નં.-૨ અને આડી શેરી |
| ૧૩ | સાયગલ જનરલ સ્ટોર સામેની શેરી નં.-૧ |
| ૧૪ | સાયગલ જનરલ સ્ટોર સામેની શેરી નં.-૨ |
| ૧૫ | ગણપતી ફાટસર ચામુંડા મંડપથી વી.ટી.ચાવડા ના ઘર સુધી |
| ૧૬ | વિકાસ વિદ્યાલય પાછળ કાંગસીયાપરા વિસ્તાર હળવદીયા પરીવારના માતાજીના મઢ વાળી શેરી |
| ૧૭ | વિનાયક નગર કેશવભાઈ હમીરભાઈ ડાભી ના ઘરથી દલપતભાઈ સોયાના ઘર સુધી |
| ૧૮ | ખાડિયા વિસ્તાર પસાભાઇના ઘરથી નરશીભાઇ દેવીપુજકના ઘર સુધી |
| ૧૯ | મહાલક્ષ્મીનગર મેઈન રોડ |
| ૨૦ | જયંતિભાઈ મિસ્ત્રી ના ઘર થી હીરાભાઈ ના ઘર સુધી |
| ૨૧ | જીવનભાઈ કાલા ના ઘર વાળી ગલી |
| ૨૨ | મહેશભાઈના ઘર વાળી ગલી |
| ૨૩ | કાનાભાઈ પેન્ટર ના ઘર વાળી ગલી |
| ૨૪ | અર્જુનભાઈ વકીલવાડી ગલી |
| ૨૫ | દશામાં મંદિરથી નટુભાઈ વાલમેનના ઘર પાસે |
| ૨૬ | નટુભાઈ વાલમેનના ઘરથી જીનજુવાડા ના ઘર સુધી |
| ૨૭ | જીનજુવાડાના ઘર થી સતવારાપરા બાદશાહ ના ઘર સુધી |
| ૨૮ | કરશનભાઈ ટ્રેક્ટર વાળા ના ઘર વાળો રોડ |
| ૨૯ | વચલું કોરી પરામાં મુજપરા સાહેબ ના મઢ આડી અને ઉભી ગલીઓ |
| ૩૦ | જેમાંભુવાની વાળીમાં દલસુખભાઈ પરમારના ઘરથી ગોવિંદભાઈ લકુમ ના ઘર સુધી |
| ૩૧ | ગોવિંદભાઈ લકુમ ના ઘરથી જેસીંગભાઈ પરમારના ઘર સુધી |
| ૩૨ | ભાણાભાઈ લાદીવાળા અને રમેશભાઈ લકુમ ની શેરી ગણપતિ મંદિર |
| ૩૩ | ખોજાના કબ્રસ્તાન થી ગણપતિ મંદિર સુધી |
| ૩૪ | દિનેશભાઈ રાઘુભાઈ ના ઘરથી મનુભાઈ પીઠાભાઈ ઘરથી લાલભાઈના ઘર સુધી |
| ૩૫ | રમણીકભાઈ ખાંદલાના ઘર થી ઠાકરશીભાઈ ની વાળી સુધી |
| ૩૬ | માવજીભાઈની દુકાન થી બચુ ગઢવીની વાડી સુધી |
| ૩૭ | વાલ્મીકી વાસમાં ભગવાનભાઈના કારખાના થી ચરમાળીયા મંદીર સુધી |
| ૩૮ | વાલ્મીકી વાસની અંદરની પેટા ગલીઓ |
| ૩૯ | વિશ્વકર્મા ટાઉનશીપ પાસેનો લીંબડી રોડ વિસ્તાર |
| ૪૦ | વિશ્વકર્મા ટાઉનશીપ જગાલાલના કારખાનાની પાછળ થી વિશ્વકર્મા મંદીર સુધી |
| ૪૧ | વિશ્વકર્મા ટાઉનશીપ અશોકભાઈના ઘરવાળો મેન રોડ |
| ૪૨ | રામેશ્વર પાર્ક ભાવેશભાઈના ઘર વાળી ગલી |
| ૪૩ | મોતીબાગ વિસ્તાર |









SURENDRANAGAR MUNICIPAL CORPORATION

॥ यशो भूषणं सर्वदा दर्शनानाम् ॥

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા